**<u>મે. રાજકોટના જયુડી. મેજી. ફ.ક. (ટ્રાફીક) સાહેબની કોર્ટમાં, રાજકોટ.</u>**

---

**ફોજદારી કેસ નંબર ૩૮૯૬૪/૨૦૨૬**

**આંક**

ફરિયાદી– શ્રી સરકાર

<u>વિ રૂ દ્ધ</u>

આરોપી– કિશોરભાઈ ગોવિંદભાઈ ચૌહાણ

રહેવાસી ભવાનીનગર સેરી નંબર ૯/૪ નો ખુણો, રાજકોટ.

**ગુનો- બી.એન.એસ.ની કલમ ૨૨૩ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ.**

## <u>કબુલાત ઠરાવ</u>

૧. આ કામે તહોમતદારનાઓએ કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે અને ભવિષ્યમાં ગુનો નહિ કરવાની ખાત્રી આપે છે, જે મુજબ તહોમતદારની પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને તહોમતદારની પુછપરછ કરતા તેઓએ ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરેલ હોવાનુ જાહેર કરેલ છે.

૨. તહોમતદાર તરફે વિ. ધારાશાસ્ત્રીની રજુઆત છે કે, તહોમતદાર સામે **બી. એન. એસ. કલમ –૨૨૩** તથા **જી. પી. એકટ કલમ –૧૩૫**નો આક્ષેપ છે. આરોપી ગરીબ વર્ગના માણસ છે, તેમની પરિસ્તિ ખુબ નબળી છે. ગુનાનુ તહોમત જોતાં સજાની જોગવાઈ ઓછી છે, સામાન્ય ગુનો છે, ગુનાનુ સ્વરૂપ જોતા તે સામાનય છે. પ્રથમ ગુનો છે. ભુતકાળમાં ગુનો કરેલ નથી, આરોપીની ૪૭ વર્ષની ઉંમર છે અને કુટુંબમા એક માત્ર કમાનાાર છે અને બાળ બચ્ચાવાળા હોઈ કુટુંબના સભ્યોની જવાબદારી તેમના ઉપર છે. બીજુ કોઈ કમાનાર નથી. જો આરોપીને ઓછામાં ઓછી કરતા પણ ઓછી સજા અને દંડ કરવામાં આવશે તો તેઓને ગુનો કર્યાનો ઘણો જ અહેસાસ છે અને ફરી વખત આવો ગુનો ન થાય તેની પુરતી કાળજી રાખશે. જેથી તહોમતદાર ઉપર દયા રરાખી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

૩.  તહોમતદાર સામેના  આક્ષેપીત ગુનો ધ્યાને લેતા તથા ફરીયાદની હકીકત ધ્યાને લેતા કોઈ માનવજિંદગીની કોઈ સલામતીને ભયમાં મુકી હુલ્લડ કે બખેડો કરેલ હોવાનો કોઈ આક્ષેપ નથી. જેથી તહોમતદારની કબુલાત પુરસીસ ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

**હુકમ**

ક્રિમીનલ પ્રોસીજ કરોડ ની કલમ –૨૫૨ અન્વયે આરોપીને **બી. એન. એસ. કલમ –૨૨૩** તથા **જી. પી. એકટ કલમ –૧૩૫** મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી બી.એન.એસ. ની કલમ ૨૨૩ ના ભંગ બદલ રુપીયા ૧૦૦૦/– તથા જી.પી.એકટની કલમ ૧૩૫નો ભંગ કરવા બદલ રુપીયા ૨૦૦/– એમ મળી કુલ .રૂા. ૧૨૦૦/– (અંકે રૂપીયા એક હજાર બસો પુરા ) નો  દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દીન –૧ ની  સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાજકોટ.
તા. ૧૧/૦૭/૨૦૨૬

( એ.પી. વર્મા)
જયુડી.મેજી.ફ.ક.(ટ્રાફીક),
રાજકોટ.
કોડ નં. જી. જે. ૦૧૭૦૭